# અધ્યયન

- બાળક બોલતાં શીખે છે.
- બાળક વાંચતાં શીખે છે.
- આપણે સાયકલ/સ્કૂટર ચલાવતાં શીખીએ છીએ.
- વોલીબોલ રમતાં શીખીએ છીએ.
- વિચારતાં/ગાતાં વગેરે ....

તો આ શીખવું એટલે શું ? અધ્યયન/**Learning**

# અધ્યયન એટલે શીખવું

# Learning

કોઈપણ અનુભવ કે વાતાવરણ સાથેના સંપર્કથી કે અમુક ક્રિયા વારંવાર કરવાથી વ્યક્તિના વર્તનમાં જે કંઈ ફેરફાર થાય છે તેને આપણે શિક્ષણ કહીએ છીએ.

તે ક્રિયાને શીખવાની અથવા શીખવું એમ કહી શકાય.

- કુદરતી રીતે ફેરફાર થાય તે શિક્ષણ નથી.
- સુગરી માળો બાંધે તે શિક્ષણ નથી.
- કારણકે તે કુદરતી / સહજજન્ય ક્રિયા છે.
- બાળક જન્મે ત્યારે રડે છે.
- જન્મ પછી બાળક સ્તનપાન કરે છે.
- બાળક ચમચીથી ખોરાક ખાય
- કડિયો મકાન બાંધે

# અધ્યયનની વ્યાખ્યાઓ

- મહાવરાને પરિણામે **વર્તનમાં થતો ફેરફાર** – આર.ચેમ્પિઅન
- **જ્ઞાન** અને **વલણો** પ્રાપ્ત કરવાં તેનું નામ અધ્યયન- ક્રો
- મારે મન અધ્યયન એટલે મહાવરાની વધુ **સ્થાયી** અસરો અને તેનાથી વર્તનમાં થતા ફેરફાર – ઈ.ગ્રથી
- **અનુભવ**ને પરિણામે વર્તનમાં થતો ફેરફાર -ક્રોનબેક
- અધ્યયનએ એવી પ્રક્રિયા છે જેના દ્વારા વર્તન પાંગરે અને **મહાવરા** તથા **તાલીમ** દ્વારા બદલાય.

# વ્યાખ્યામાંથી સામાન્ય બાબતો

- અધ્યયનનો મુખ્ય સંબંધ વર્તનના ફેરફાર સાથે છે, જેને લાવવામાં અનુભવ, મહાવરો અને તાલીમ અગત્યનો ભાગ ભજવે છે.
- અધ્યયનના અસ્તિત્વની જાણ શીખનારની અભિવ્યક્તિ પરથી થાય છે. અભિવ્યક્તિની મુલવણી ઉપાર્જન, સંક્રમણ અને ધારણ પરથી થાય છે.


અધ્યયન પ્રક્રિયા
અનુભવ
પ્રેરણા
જરૂરિયાત
ધ્યેયની શોધ
પ્રતિચારની પસંદગી
ધ્યેય
તત્પરતા
પર્યાવરણગત ઉત્તેજના

## શીખવું એટલે વર્તનમાં પરિવર્તન કરવું.
## તો
## વર્તન એટલે શું ?

- વર્તન એટલે ઉદ્દીપકને અપાતો પ્રતિચાર
- ઉદ્દીપક એટલે........વાતાવરણમાં રહેલું એવું પરિબળ કે જે ચેતાતંત્ર પર અસર કરી / ધ્યાન ખેંચી શકે અને પ્રતિક્રિયા કરવા પ્રેરે તે ઉદ્દીપક
- પ્રતિચાર એટલે.....ઉદ્દીપકને પ્રાણી તરફથી અપાતી પ્રતિક્રિયા

ઉ ⟶ પ          S ⟶ R

| ઉદ્દીપક | પ્રતિચાર |
|---|---|
| કાંટા પર પગ પડવો | પગ ઉપાડી લેવો |
| ખોરાક જોવો | મોમાં લાળ ઝરવી |
| પરિચિત વ્યક્તિ મળવી | આનંદ થવો |
| ટ્રાફિકની લાલ લાઇટ જોવી | વાહન થંભાવવું |

# વર્તનના પ્રકાર

૧

## પ્રતિચારાત્મક વર્તન

જે વર્તન ઉદ્દીપકોથી નિયંત્રિત હોય એટલે કે જે વર્તનના ઉદ્દીપકો સ્પષ્ટ રીતે આંગળી ચીંધીને દર્શાવી શકાય તેને....

દા.ત. વાહન થોભાવવું, મોમાં લાળ ઝરવી

૨

# કારક / કાર્યસાધક વર્તન

જે વર્તનના ઉદ્દીપક સ્પષ્ટ રીતે દર્શાવી ન શકાય તેને....

દા.ત.

વર્તમાનપત્ર વાંચવું

ભોજન સમારંભમાં જવું

- આપણે મોટા ભાગે આવા વર્તન કરીએ છીએ. જે કોઇ ચોક્કસ પરિણામ લાવે છે.

- જુદા જુદા મનોવિજ્ઞાનીઓની વિચારધારા જુદીજુદી

૧. ઉત્તેજક - પ્રતિચાર

એટલે કે ઉત્તેજક પ્રતિચારને જોડે છે.

થોર્નડાઈકનો જોડાણવાદ, પાવલોવ અને સ્કિનરનું અભિસંધાન

૨. બોધાત્મક વિચારધારા

આ વિચારધારા ઉ-પ્ર માં નહીં પરંતુ પરિસ્થિતિની સમગ્રતામાં માને છે. જેમાં કોફ્કા, કોહલર, વર્ધીમેન વગેરે મનોવિજ્ઞાનીઓનો સમાવેશ થાય છે.

મનોવિજ્ઞાનીઓએ પોતાની વિચારધારા પ્રમાણે અધ્યયનના સિદ્ધાંતો આપ્યા છે.